NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું**

**વંચાણે લીધા :–** **(૧)** અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક: જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૧૦૦૦/૨૦૨૫ તા. ૦૧/૦૩/૨૦૨૫.
**(૨)** અત્રેની યુનિવર્સિટીની જુદીજુદી કચેરીઓ તરફથી મળેલ માંગણીઓ.
**(૩)** અત્રેની કચેરીની તા.૧૫/૦૩/૨૦૨૫ ની નોંધ ફાઈલ ઉપર માન. કુલપતિશ્રીની મળેલ મંજૂરી.

## કાર્યાલય આદેશ

**"કાયમી પેશગી" ની ફાળવણી કરવા બાબત.**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ ને જણાવવાનું કે, હાલ પેટ્રોલ, ડિઝલ તેમજ અન્ય ચીજ વસ્તુના ભાવ વધારાને કારણે બજાર ભાવો ધ્યાને લેતા રોજબરોજના નાની રકમોના આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે અને વારંવાર ઉપાડવાના થતા એબ્સ્ટ્રેક્ટ બીલો ના નિયંત્રણ માટે કાયમી પેશગીની રકમમાં વધારો કરી ફાળવણી કરવાની જરૂરિયાત જણાયેલ છે. જે માટે **નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬** માટે આ સાથે સામેલ પત્રકનાં **કોલમ નં. ૬** માં જણાવ્યા પ્રમાણેની જે તે કચેરીઓની માંગણીને ધ્યાને લઈ પત્રકનાં **કોલમ નં. ૭** મુજબની રકમ વંચાણે લીધેલ **ક્રમ નં. ૨** થી માન. કુલપતિશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ (સત્તા સોંપણી) નિયમો ૨૦૧૧ ના **સ્ટે.નં. ૧૨૧ની આઇટમ નં. ૮૦** મુજબ હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટીને એનાયત થયેલ સત્તા અન્વયે અત્રેની યુનિવર્સિટીના યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ (યુનિટ હેડ) ને પત્રકનાં **કોલમ નં. ૭** મુજબની કાયમી પેશગી ની રકમ નીચેની શરતોને આધિન ફાળવવામાં આવે છે.

**કાયમી પેશગી ઉપાડવાની અને વપરાશ કરવાની શરતો:**

(૦૧) મંજુર કરેલ કાયમી પેશગી ની રકમ મેળવવા માટે આ હુકમના આધારે જે તે કચેરીએ નવા નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ ની પ્રથમ તારીખ બાદ વહીવટી-વ-હિસાબી અધિકારીને બીલ મોકલી કાયમી પેશગીની રકમનો ઉપાડ કરી લેવાનો રહેશે. ઉપાડેલ રકમ તથા તેનો વાઉચર નંબર અને તારીખ ૧૦ દિવસમાં આ કચેરીને જે તે ઉપાડ અને ચુકવણા અધિકારીએ અચૂક મોકલી આપવાનું રહેશે.

(૦૨) કાયમી પેશગીનું ખર્ચ જે તે કચેરીના બજેટ સદર **૧૯૫૦૦/૦૦** હેઠળ પાડવાનું રહેશે.

(૦૩) મંજુર કરેલ કાયમી પેશગીના ૫૦% સુધીનો ખર્ચ થાય એટલે રીકુપ માટે વહીવટી-વ-હિસાબી અધિકારીને બીલ મોકલી આપી એ રકમ રીકુપ કરી લેવાની રહેશે.

(૦૪) જે તે દિવસે કરેલ ખર્ચ, તે જ દિવસે કેશબુકમાં ઉધારીને આધાર તરીકે પ્રમાણિત કરેલા બીલો બીલ સાથે રાખવાના રહેશે.

(૦૫) થયેલ ખર્ચની નોંધ મંજુરી રજીસ્ટર, જે તે માલસામાન ખરીદ રજીસ્ટર તથા લાગુ પડતા રજિસ્ટરોમાં તે જ દિવસે કરી લેવાની રહેશે.

(૦૬) જ્યારે નાણા ઉપાડ અને ચુકવણાં અધિકારી બદલાય ત્યારે તેની જાણ તુરંત જ આ હુકમનો સંદર્ભ આપી કુલસચિવશ્રી દ્વારા જાહેર કરેલ નવા નાણા ઉપાડ અને ચુકવણાં અધિકારીના કાર્યાલય આદેશની નકલ સાથે આ કચેરીને ફક્ત ઈમેલ દ્વારા comptroller@nau.in ઉપર કરવાની રહેશે.

(૦૭) એક જ સ્થળ ઉપરની/બીજા સ્થળો ઉપરની કચેરીઓનું એકત્રીકરણ (મર્જ) થતાં તેના પરિણામે મર્જ થનાર કચેરીની કાયમી પેશગી બારોબાર ભેગી ન કરતાં આ કચેરીની પરવાનગી લઈને જ જરૂરી ફેરફારો કરવાના રહેશે.

(૦૮) મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમોના નિયમ ૫૬ ની સઘળી જોગવાઈઓ તેમજ આકસ્મિક ખર્ચ અને કાયમી પેશગી સંબંધિત સરકારશ્રી અને અત્રેની યુનિવર્સિટી તરફથી સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવતી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૦૯) દર વર્ષે માર્ચ માસની ૩૧મી તારીખના રોજ કાયમી પેશગીની સિલક અંગેના હિસાબો સરભર કરી, કાયમી પેશગીનો હવાલો ધરાવનાર અધિકારીએ તિજોરી શાખાને પ્રમાણપત્ર મોકલી આપવાનું રહેશે. (નમૂનો સામેલ છે)

(૧૦) કાયમી પેશગીનો હવાલો ધરાવનાર અધિકારી કાયમી પેશગીમાંથી નિયમોનુસાર ખર્ચ કરવા, ખર્ચેલ રકમ સમયસર રીકુપ કરવા નિયમોનુસાર વ્યવસ્થિત હિસાબો રાખવા અને પેશગીની રકમની સલામત જાળવણી માટે અંગત રીતે જવાબદાર રહેશે.

(૧૧) આ પેશગી મંજુર થયાની યથાર્થતા અંગે આ હુકમના માસના તુરંત પાછળના માસથી ૧૨ માસ પૂરા થયેથી સમીક્ષા કરવાની રહેશે. પુનઃસમીક્ષા માટે કાયમી પેશગીનો હવાલો ધરાવતાં દરેક અધિકારીએ ૧૨ માસના સમયગાળામા કાયમી પેશગીમાંથી કરેલ ખર્ચની જુદીજુદી બાબતોવાર અને માસવાર માહિતી મોકલીને પુનઃસમીક્ષા કરાવીને જરૂરી આદેશો મેળવી લેવાના રહેશે. જો આવી પુનઃ ચકાસણી કરાવવામાં આવી નહીં હોય અને જરૂરિયાત કરતાં વધુ કાયમી પેશગી ધરાવવા અંગે કોઇ પ્રશ્ન ઉભો થશે તો તે અંગે જેતે ઉપાડ અને ચુકવણાં અધિકારી/કચેરીના વડા જવાબદાર રહેશે.

(૧૨) આ પેશગીનો ઉપાડ, વપરાશ રીકુપમેન્ટ વિગેરે બાબતમાં જરૂર જણાયે જરૂરી સમજ હિસાબ નિયામકશ્રીની કચેરી પાસેથી મેળવી લેવી.

(૧૩) આ હુકમ ચાલુ નાણાંકીય વર્ષ પુરતો મર્યાદિત રહેશે. વર્ષના આખર સુધી રકમ ઉપાડવામાં નહીં આવે તો હુકમ આપો આપ રદ થયેલો ગણાશે.

(૧૪) **P.A.** રીકુપમેન્ટ રજીસ્ટરમાં દર નવા નાણાંકીય વર્ષમાં નવા રજીસ્ટરના પ્રથમ પાના ઉપર **"લાલ અક્ષરે મંજુરી હુકમ નંબર તારીખ અને મંજુર કરેલ રકમ"** ની નોંધ કરવાની રહેશે તેમજ **P.A.** રીકુપમેન્ટ રજીસ્ટરના દરેક પાનાં ઉપર પાનાં નંબર દર્શાવી ગોળ સિક્કા મારી રજીસ્ટરના છેલ્લા પાનાં ઉપર કચેરી વડાનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(૧૫) સદર પેશગીનો ખર્ચ કરતી વખતે ગુજરાત સરકારશ્રીના વખતો-વખતના ખરીદ નિતિના નિતિ નિયમો, GeM દ્વારા કરવાની થતી ખરીદી અંગેના નિયમો તેમજ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના સ્ટેચ્યુટમાં થયેલ જોગવાઇઓને ધ્યાને લેવાની રહેશે.

(૧૬) ઉપાડવામાં આવેલ પેશગી માંથી થનાર ખર્ચ માટે કરવામાં આવતા ચૂકવણાંમાંથી નિયમોનુસાર કરવાની થતી IT અને GSTની કપાત ફરજિયાત કરવાની રહેશે તેમજ સદર કપાતની TDS return ફાઇલ કરાવવાની કામગીરી પણ કરવાની રહેશે. સદર ચૂકવણાં અર્થે જે પાર્ટીને IT/ GST લાગુ થતો નથી તેમની પાસે Declaration મેળવવાનું રહેશે.

(૧૭) કચેરીને ફાળવેલ પેશગી માંથી આકસ્મિક ખર્ચ માટે નાણા ઉપાડનાર કર્મચારી/ અધિકારીશ્રીએ વધુમાં બધું દિન-૨ માં ઉપાડેલ નાણાનો હેતુસર ખર્ચ કરી ખર્ચ કર્યાના દિન-૧ માં રોકડ બીલ કચેરીને રજુ કરી દેવાનું રહેશે.

**કાયમી પેશગીના અમલીકરણથી વધુ પડતાં એબ્સ્ટ્રેક્ટ બીલોનું નિયંત્રણ, ઓડિટ સૂચન મુજબ નાના અને આકસ્મિક ખર્ચમાં સરળતા તેમજ આ પ્રકારના ખર્ચાઓ માટે કર્મચારીઓ દ્વારા કરવામાં આવતા સ્વ ખર્ચ ટાળવા ઉપરોક્ત શરતોને અધીન કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.**

**સામેલ:** ઉપર મુજબ તેમજ માર્ગદર્શિકા PPT સ્વરૂપે.

**જા.નં. નકૃયુ/હિનિ/વહટ/૧૨૯૮/૨૦૨૫**
**નવસારી, તા. ૨૦/૦૩/૨૦૨૫.**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**(૪)** અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):-**

અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.

| PA ADVANCE DEMAND AND APPROVAL FOR THE F.Y. 2025-26 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Sr. No. (1) | DDO No. (2) | Name of Office (3) | Designation (4) | Previously Approved PA Advance (5) | Demand PA Advance for The F.Y. 2025-26 (6) | Approved PA Advance for The F.Y. 2025-26 (7) |
| 1 | 301 | Office of the Registrar, NAU, Navsari | Registrar | 30,000.00 | 30,000.00 | 30,000.00 |
| 2 | | Office of the Comptroller, NAU, Navsari | Comptroller | | | |
| 3 | | Office of the Director of Student's Welfare, NAU, Navsari | Director of Students Welfare | | | |
| 4 | 302 | Office of the Director of Extension Education, NAU, Navsari | Director of Extension Education | 20,000.00 | 20,000.00 | 20,000.00 |
| 5 | 303 | Dean & Principal, N. M. College of Agriculture, NAU, Navsari | Dean / Principal | 25,000.00 | 25,000.00 | 25,000.00 |
| 6 | 307 | Research Scientist, (Sugarcane), Main Sugarcane Research Station, NAU, Navsari | Research Scientist | 15,000.00 | 15,000.00 | 15,000.00 |
| 7 | 310 | Research Scientist (Soil Science), NAU, Navsari | Research Scientist | - | - | - |
| 8 | 311 | Research Scientist, Soil & Water Management Unit, NAU, Navsari | Research Scientist | 30,000.00 | 30,000.00 | 30,000.00 |
| 9 | 312 | Senior Scientist & Head, Krishi Vigyan Kendra, NAU, Surat | Senior Scientist & Head | 20,000.00 | 20,000.00 | 20,000.00 |
| 10 | 313 | Research Scientist, Main Cotton Research Station, NAU, Surat | Research Scientist | 20,000.00 | 30,000.00 | 20,000.00 |
| 11 | 314 | Research Scientist, Main Sorghum Research Station, NAU, Surat | Research Scientist | 20,000.00 | 20,000.00 | 20,000.00 |
| 12 | 317 | Associate Research Scientist, Cotton Research Station, NAU, Bharuch | Associate Research Scientist | 20,000.00 | 20,000.00 | 20,000.00 |
| 13 | 318 | Assistant Research Scientist, Agriculture Research Station, NAU, Tanchha | Associate Research Scientist | 20,000.00 | 20,000.00 | 20,000.00 |
| 14 | 319 | Associate Research Scientist, Cotton Research Centre, NAU, Achhalia | Assistant Research Scientist | 20,000.00 | 20,000.00 | 20,000.00 |
| 15 | 320 | Assistant Research Scientist, Cotton Wilt Research Station, NAU, Hansot | Assistant Research Scientist | - | - | - |
| 16 | 321 | Associate Research Scientist, Regional Rice Research Station, NAU, Vyara | Associate Research Scientist | 20,000.00 | 20,000.00 | 20,000.00 |
| 17 | 322 | Principal, Polytechnic in Agriculture, NAU, Vyara | Principal | 15,000.00 | 15,000.00 | 15,000.00 |
| 18 | 323 | Assistant Research Scientist (Wheat), Wheat Research Station, NAU, Bardoli | Assistant Research Scientist | 15,000.00 | 15,000.00 | 15,000.00 |
| 19 | 324 | Associate Research Scientist, Fruit Research Station, NAU, Gandevi | Associate Research Scientist | 20,000.00 | 20,000.00 | 20,000.00 |
| 20 | 325 | Research Scientist (Horticulture), Agricultural Experimental Research Station, NAU, Paria | Research Scientist | 20,000.00 | 20,000.00 | 20,000.00 |
| 21 | | Polytechnic in Horticulture, NAU, Paria | Associate Professor | 10,000.00 | 10,000.00 | 10,000.00 |
| 22 | 326 | Associate Research Scientist, Hill Millet Research Station, NAU, Waghai | Associate Research Scientist | 15,000.00 | 15,000.00 | 15,000.00 |
| 23 | 327 | Librarian, Central Library, NAU, Navsari | Librarian | - | - | - |
| 24 | 328 | Nodal Officer(Mega Seed), Seed Cell, NAU, Navsari | Nodal Officer Mega Seed | 20,000.00 | 30,000.00 | 20,000.00 |
| 25 | 329 | Dean & Principal, Aspee college of Horticulture, NAU, Navsari | Principal | 40,000.00 | 40,000.00 | 40,000.00 |
| 26 | | Principal, Polytechnic in Horticulture, NAU, Navsari | Principal | | | |
| 27 | 330 | Assistant Research Scientist, Agriculture Research Station, NAU, Mangrol | Assistant Research Scientist | 15,000.00 | 15,000.00 | 15,000.00 |
| 28 | 332 | Office of the Director of Research & Dean, P. G. Studies, NAU, Navsari | Director of Research & Dean, P.G. Studies | 20,000.00 | 20,000.00 | 20,000.00 |

| PA ADVANCE DEMAND AND APPROVAL FOR THE F.Y. 2025-26 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **Sr. No. (1)** | **DDO No. (2)** | **Name of Office (3)** | **Designation (4)** | **Previously Approved PA Advance (5)** | **Demand PA Advance for The F.Y. 2025-26 (6)** | **Approved PA Advance for The F.Y. 2025-26 (7)** |
| 29 | 333 | Associate Research Scientist, Nizer Research Station, NAU, Vanarasi | Associate Research Scientist | **15,000.00** | **15,000.00** | **15,000.00** |
| 30 | 334 | Professor of Economics, N. M. College of Agriculture, NAU, Navsari | Professor | **10,000.00** | **10,000.00** | **10,000.00** |
| 31 | 335 | Office of the Executive Engineer, NAU, Navsari | Executive Engineer | **15,000.00** | **15,000.00** | **15,000.00** |
| 32 | 336 | College Farm, NAU, Navsari | Assistant Professor | **20,000.00** | **20,000.00** | **20,000.00** |
| 33 | 337 | Principal, College of Agriculture, NAU, Bharuch | Principal | - | - | **-** |
| 34 | | Principal, Polytechnic in Agriculture, NAU, Bharuch | Associate Professor | | | |
| 35 | | National Agricultural Reseach Project, NAU, Bharuch | Associate Professor | | | |
| 36 | 338 | Principal, College of Agriculture, NAU, Waghai | Principal | **30,000.00** | **30,000.00** | **30,000.00** |
| 37 | | Principal, Polytechnic in Agriculture, NAU, Waghai | Principal | | | |
| 38 | 339 | Principal, Aspee Shakilam Agriculture Bio-technology Institute, NAU, Surat | Principal | **25,000.00** | **25,000.00** | **25,000.00** |
| 39 | 340 | Senior Scientist & Head, Krishi Vigyan Kendra, NAU, Vyara | Senior Scientist & Head | **15,000.00** | **15,000.00** | **15,000.00** |
| 40 | 341 | Principal, Aspee Institute of Agri business Management, NAU, Navsari | Principal | **10,000.00** | **10,000.00** | **10,000.00** |
| 41 | 342 | Senior Scientist & Head, Krishi Vigyan Kendra, NAU, Dediapada | Senior Scientist & Head | **20,000.00** | **20,000.00** | **20,000.00** |
| 42 | 344 | Principal, College of Agri. Engineering Technology, NAU, Dediapada | Principal | **30,000.00** | **30,000.00** | **30,000.00** |
| 43 | | Principal, Polytechnic in Agriculture Engineering College, NAU, Dediapada | Principal | | | |
| 44 | 345 | Senior Scientist & Head, Krishi Vigyan Kendra, NAU, Navsari | Senior Scientist & Head | **20,000.00** | **20,000.00** | **20,000.00** |
| 45 | 346 | Senior Scientist & Head, Krishi Vigyan Kendra, NAU, Waghai | Senior Scientist & Head | **20,000.00** | **20,000.00** | **20,000.00** |
| 46 | 352 | College of Forestry, NAU, Navsari | Principal | **10,000.00** | **10,000.00** | **10,000.00** |
| | | | **Total** | **6,90,000.00** | **7,10,000.00** | **6,90,000.00** |